ગૂજરાત વિદ્યાપીઠ

# સાબરમતી

नदीमुखेनैव समुद्रमाविशेत्

શ્રેણી:૦૧ | અંક:૦૧ | ઓગસ્ટ ૨૦૨૫ વર્ષાઋતુ (શ્રાવણ)



શહેર આખું તરબતર વરસાદમાં, કોણ ક્યાં છે શું ખબર વરસાદમાં?
વૃક્ષ નીચે આશરો જ્યારે મળે, હોય જાણે એક ઘર વરસાદમાં.

# સાંકળિયું


1. વિદ્યાર્થીઓમાં હિંસાત્મક વર્તન: વિશ્લેષણ અને ઉકેલની દિશા 4

- જિતેન્દ્ર ઢેબરીયા

2. ઓરસંગની આરપાર 6

- ડૉ. મનોજ પરમાર

3. પ્રવૃત્તિ દર્પણ 10

- શ્રી અદ્વૈતા દવે

4. આગામી કાર્યક્રમો 15


વર્ષાની રૂમઝૂમતી રાત રંગભીની.
એવી વ્હાલપની વાત રંગભીની.

આકાશે વીજ ઘૂમે, હૈયામાં પ્રીત ઝૂમે
છંટાતી સ્વપ્નની બિછાત રંગભીની.
વર્ષાની રૂમઝૂમતી રાત રંગભીની.

બાજે અજસ્ત્રધાર
વીણા સહસ્ત્રતાર
સ્મૃતિના ઝંકાર આંખે લુવે રંગભીની.
વર્ષાની રૂમઝૂમતી રાત રંગભીની.

ઓ રે વિજોગ વાત!
રંગ રોળાઈ રાત,
નેહભીંજી ચૂંદડી ચૂવે રંગભીની.
વર્ષાની રૂમઝૂમતી રાત રંગભીની.

-ઉમાશંકર જોશી


**તંત્રી**

ડૉ. હર્ષદ પટેલ

**મુખ્ય સંપાદક**

ડૉ. ધ્વનિલ પારેખ

**સંપાદન સહયોગ**

ડૉ. ધારાબેન વઘાડિયા
ડૉ. વિક્રમસિંહ અમરાવત
ડૉ. નીતિન ઢાઢોદરા
શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
શ્રી અદ્વૈતા દવે





# સંપાદકીય લેખ

**ડૉ. ધ્વનિલ પારેખ**
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

વિદ્યાના ક્ષેત્રમાં ગૂજરાત વિદ્યાપીઠનું કામ એના પ્રારંભના વર્ષોથી નોંધપાત્ર રહ્યું છે. ગૂજરાત વિદ્યાપીઠની પ્રકાશન પ્રવૃત્તિ પર નજર નાખીએ તો પણ ખ્યાલ આવશે, કે ગૂજરાત વિદ્યાપીઠ પાસે એક સમૃદ્ધ વારસો રહ્યો છે. કેટલીયે મહાન વિભૂતિઓ વિદ્યાપીઠ સાથે જોડાયેલી હતી અને એમણે વિદ્યાનાં ક્ષેત્રમાં અનન્ય પ્રદાન આપ્યું હતું. એ વારસાનું જતન કરવું એ આપણી ફરજ છે.

સમૃદ્ધ વિદ્યાકીય પરંપરાનું એક અગત્યનું સોપાન 'સાબરમતી' સામયિક પણ હતું. આ સામયિકમાં આપણા એ વખતના સાક્ષરોએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આમ, પણ 'ગૂજરાત વિદ્યાપીઠ' સાથે સંકળાયેલા સાક્ષરોના નામો યાદ કરીએ તો પણ અભિભૂત થઈ જવાય એમ છે. ગાંધીજી ઉપરાંત, કાકાસાહેબ કાલેલકર, મુનિ જિનવિજયજી, ધર્માનંદ કોસાંબી, ઉમાશંકર જોશી, પંડિત સુખલાલજી, રા.વિ.પાઠક, કિશોરલાલ મશરૂવાલા, નૃસિંહપ્રસાદ ભટ્ટ વગેરે ઘણાં નામો યાદ કરી શકાય એમ છે. 'સાબરમતી' સામયિકમાં આ સાક્ષરોનો ફાળો જોઈ શકાય એમ છે. જૂન ૧૯૨૨મા આ સામયિકનો પ્રારંભ થયો હતો અને જૂન ૧૯૨૮મા એનો અંતિમ અંક પ્રકાશિત થયો હતો. આ અંકો પર નજર કરવાથી એની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે.

સાબરમતીના આ અંકમાં ગૂજરાત વિદ્યાપીઠની પ્રવૃત્તિઓની વિગતો આપવામાં આવી છે. આ વિગતો પર નજર કરતા પણ એક વાત ધ્યાનમાં આવશે કે, વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં થઈ રહી છે અને એ મોટાભાગની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ જોડાયાં છે. આ એમના ઘડતરની રીતે અગત્યની બાબત બની રહે છે. આ પ્રવૃત્તિઓમાંથી એક વાતનો ખાસ ઉલ્લેખ કરવો ઘટે કે સમાજકાર્ય વિદ્યાશાખાની વિદ્યાર્થિનીઓએ કરેલું ઉમદા સમાજકાર્ય. એક બાળકને એની માતા સાથે ફરી મેળવી આપવાનું સ્તુત્ય કાર્ય આ બહેનોએ કર્યું હતું. એમને અઢળક અભિનંદન આપીએ. સમાજમાં જે કંઈ પણ બની રહ્યું છે, એનું પ્રતિબિંબ પણ 'સાબરમતી'માં પડે એવું વિચાર્યું છે. અહીં જિતેન્દ્ર ઢેબરિયાનો લેખ અમદાવાદમાં બનેલી દુઃખદ ઘટના ઉપર પ્રકાશ ફેંકે છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ કરવામાં આવેલું આ વિશ્લેષણ આપણા બાળકો પ્રત્યેની આપણી ચિંતામાં વધારો કરે એવું છે. કોઈ પણ સમાજમાં હિંસા વખોડવાલાયક જ હોય પણ જ્યારે બાળકો એ તરફ વળે ત્યારે માત્ર બાળકનો વાંક હોતો નથી, એ બાળક જે કુટુંબ અને સમાજમાંથી આવે છે એ પણ દોષિત ઠરે છે. આવી ઘટનાઓ ઓછી બને એવી અપેક્ષા રાખીએ. મનોજ પરમારે ઓરસંગ નદીનો ઇતિહાસ અને એના કાંઠે વસેલી સંસ્કૃતિનો પરિચય કરાવ્યો છે. ઓરસંગના કિનારે વસેલી રાઠવા કોમ અને એમના રીત-રિવાજોનો પણ અહીં પરિચય આપવામાં આવ્યો છે. પદયાત્રા નિમિત્તે થયેલું આ કાર્ય પણ સરાહનીય છે. આ અંક પ્રગટ થાય છે ત્યારે વરસાદની મૉસમ ચાલી રહી છે. ગુજરાતમાં ક્યાંક અનરાધાર વરસાદ વરસી રહ્યો છે તો ક્યાંક ઝરમર વરસી રહ્યો છે. થોડીથોડી વારે ચાહની ચૂસકી લેવાનું મન થાય એવું આહ્લાદક વાતાવરણ છે ત્યારે હરીન્દ્ર દવેની પંક્તિઓ યાદ આવે –




આવનારા દિવસો પણ સહુ માટે
આહ્લાદક બની રહે એવી શુભેચ્છા!

# વિદ્યાર્થીઓમાં હિંસાત્મક વર્તન: વિશ્લેષણ અને ઉકેલની દિશા

-જિતેન્દ્ર ઢેબરીયા




ભારતમાં શાળાએ જતા વિદ્યાર્થીઓમાં હિંસા અને ગુનાખોરીનું વધતું પ્રમાણ એક ખૂબ જ ચિંતાજનક મુદ્દો બની ગયો છે, એક સમયે સંવાદથી સંઘર્ષ નિવારણ શીખવતું શાળા તંત્ર હવે વિદ્યાર્થીઓ વચ્ચેના હિંસક સંઘર્ષનું કેન્દ્ર બનતું જાય છે. આ કોઈ અલગ-અલગ ઘટનાઓનો મામલો નથી પરંતુ એક જટિલ અને બગડતી સામાજિક સમસ્યાનું પ્રતિબિંબ છે. અમદાવાદમાં તાજેતરમાં બનેલો એક દુ:ખદ કિસ્સો, જ્યાં ધોરણ 10 ના વિદ્યાર્થીને વર્ષો સુધી વણ-ઉકેલાયેલી ગુંડાગીરી પછી તેના સાથી દ્વારા છરીના ઘા મારીને જીવલેણ રીતે મારી નાખવામાં આવ્યો હતો. અમદાવાદ ઉપરાંત દેશની જુદી જુદી શાળાઓમાં બનેલી આ પ્રકારની હિંસક ઘટનાઓ, વધતી જતી આક્રમકતા અને તેને પ્રોત્સાહન આપતી કુટુંબ, શિક્ષણ, રાજ્યતંત્ર, અર્થતંત્ર અને સમૂહ માધ્યમોની સંસ્થાગત નિષ્ફળતાઓના ઊંડા પરિણામોને સ્પષ્ટપણે દર્શાવે છે. આવી ઘટનાઓ સરળ- દૈનિક વર્ગખંડના વિવાદોથી તદ્દન અલગ છે, જે ઘટનાઓની પાછળ રહેલ બહુ-કારણાત્મક પરિબળોની વ્યાપક તપાસ અને કિશોર વિદ્યાર્થીઓના વર્તન પ્રત્યેના આપણા અભિગમનું પુનઃમૂલ્યાંકન કરવાની માંગ કરે છે.

આ ઘટનાને હાલમાં ધાર્મિક રંગ આપવામાં આવી રહ્યો છે, પરંતુ આ સામાજિક-સાંસ્કૃતિક ઘટના છે અને આ અંગેના વ્યવસ્થિત પગલાંઓ ભરવામાં નહિ આવે તો, એકલ - દોકલ ગણાતી આ ઘટનાઓ એક 'નવા નોર્મલ' (New Normal) નું સ્વરૂપ લઇ શકે છે. આવી ઘટનાઓ સામાજિક-આર્થિક, કૌટુંબિક અને પર્યાવરણીય દબાણોનાં પરિણામ છે. ઘણા યુવાનો માટે, ખાસ કરીને વંચિત પૃષ્ઠભૂમિના લોકો માટે, ગરીબી અને આર્થિક તકોનો અભાવ અસ્તિત્વ માટે ગુનાઓનું ભયાવહ ચક્ર બનાવી શકે છે. ઝડપી શહેરીકરણ અને સ્થળાંતરના દબાણ દ્વારા આ પડકાર વધુ જટિલ બને છે, જે બાળકોના અનૌપચારિક વસાહતોમાં હાંસિયામાં ધકેલાઇ શકે છે જ્યાં હિંસા દૈનિક વાસ્તવિકતા છે. ઘરની અંદર, માતાપિતાની ઉપેક્ષા, ઉચ્ચ સંઘર્ષ અથવા ઘરેલુ હિંસા દ્વારા ચિહ્નિત થયેલ નિષ્ક્રિય કૌટુંબિક વાતાવરણ આક્રમકતા અને હિંસાની પૃષ્ઠભૂમિ બની જાય છે. જ્યારે બાળકો નિયમિતપણે ઘરે હિંસાનો સામનો કરે છે, ત્યારે તેઓ પ્રશ્નોના નિરાકારણના સામાન્ય માધ્યમ તરીકે હિંસાત્મક પગલાંઓને સ્વીકારી લે છે.

વિકસિત ગણાતા દેશો પણ શાળાએ જતા વિદ્યાર્થીઓમાં વધી રહેલ ગુનાહિત વર્તનના પ્રમાણથી ચિંતિત છે, અમેરિકામાં 'બંદૂક સંસ્કૃતિ' (Gun Culture), અને બ્રિટનમાં 'ચાકુ સંસ્કૃતિ' (Knife Culture) એ 'યુવા સંસ્કૃતિ'નો ભાગ બનતો જાય છે, એ સંદર્ભે ભારતમાં બની રહેલ આવી ઘટનાઓને પણ 'વિકાસ'નો જે ખ્યાલ આપણે અપનાવ્યો છે તેના સંદર્ભે

તપાસવું પડે. આ વિકાસ તરફની ગતિમાં હાલમાં જે બદલાવો સામાજિક-સાંસ્કૃતિક કક્ષાએ આવ્યા છે અને આવી રહ્યા છે, તે તપાસતા માલુમ થાય છે કે ભારતમાં કૌટુંબિક સંબંધોમાં વ્યક્તિવાદી વલણોનું વિકસવું, પરિવારના સભ્યો વચ્ચે ઘટી રહેલ સંવાદ, સોશિયલ મીડિયામાં હિંસાનો પ્રચાર અને પ્રસાર, આ પ્રકારની ઘટનાઓને રોકવા માટેના માનસિક સ્વાસ્થ્ય સબંધિત વૈકલ્પિક તંત્રનો અભાવ વગેરે બાબતો બાળકોમાં હિંસાત્મક વલણો અને તેના પરિણામ સ્વરૂપ વર્તનો વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે. મનોવૈજ્ઞાનિકો આવું વર્તન કરતા અથવા આવા વર્તનને પ્રોત્સાહન આપતાં બાળકો સાથે બનેલ વ્યક્તિગત ઘટનાઓને પણ મહત્ત્વના કારણ તરીકે સમજવાનો પ્રયત્ન કરે છે. મુખ્ય સવાલ એ છે કે સમાજ વ્યવસ્થાના વિવિધ ભાગો જેવા કે કુટુંબ, શિક્ષણ તંત્ર, રાજકીય તંત્ર, ધર્મ તંત્ર અને માધ્યમો આ ઘટનાઓની અટકાયત માટે સાથે મળીને કામ કરી રહી છે? વિશ્લેષણ કરતા માલુમ પડે છે કે આ બધાં જ તંત્રો એક કે બીજી રીતે હિંસાને સામાન્ય ઘટના તરીકે અપનાવી રહી છે અને ઘણીવાર તો હિંસાત્મક વ્યવહારને પ્રાત્સાહન આપી રહી છે. દા.ત. રાજકીય વગ ધરાવતા વ્યક્તિઓ સોશિયલ મીડિયા પર જન્મદિવસ ઉજવવામાં જાહેરમાં તલવાર કે બંદૂક જેવા હથિયારોનો ઉપયોગ કરે છે અને જાહેર જીવનમાં આવી બાબતોને શૌર્ય ગણીને સ્વીકારી લેવામાં આવે છે.

આવી ઘટનાઓ જો સામાન્ય બનતી જાય અને કાયદાઓનું પાલન કરાવવાની જેમની જવાબદારી છે તેવા સરકારી અને પોલીસ તંત્ર આવી ઘટનાઓમાં યોગ્ય પગલાં ના લે તો સામાન્ય વ્યક્તિ અને ખાસ કરીને જેઓનું માનસિક જગત ભવિષ્ય માટે તૈયાર થઇ રહ્યું છે, તેવાં બાળકોમાં પણ 'આ પ્રકારનું વર્તન કરવાથી ખ્યાતિ મળે છે' તેવો ખ્યાલ બંધાય છે. હાલના સમયમાં યુવાન થતાં બાળકો પાસે મોબાઈલ ફોન હોવો એ સામાન્ય છે. જેના માધ્યમથી તમામ પ્રકારની માહિતી અને પ્રચાર સામગ્રી તેમના સુધી પહોંચે છે, આવા સમયે તેમને કુટુંબ અથવા શાળાઓ દ્વારા 'નીર-ક્ષીર' વિવેક શીખવવામાં ના આવે તો આવી ઘટનાઓને અટકાવી શકાય નહિ. ભારતીય સામાજિક જીવનમાં શિક્ષકની ભૂમિકા - સ્વીકૃતિ હંમેશ શાળાઓના ક્ષેત્રથી વિશેષ રહી છે, પરંતુ હાલમાં શિક્ષકોની ભૂમિકા સરકારી કાર્યક્રમોના અમલીકરણ સુધી સીમિત બનતી જાય છે અને આ કારણે તેમનો સામાજિક - વિદ્યાર્થીઓના જીવન પરનો સકારાત્મક પ્રભાવ પણ ઘટતો જઇ રહ્યો છે. શિક્ષકોમાં વધી રહેલ વ્યક્તિગત - આર્થિક લાભની વૃત્તિ, તેમને વિદ્યાર્થીઓમાં વધી રહેલ તણાવ અંગે સકારાત્મક પગલાંઓ લેવાની તેમની જવાબદારીથી અળગા કરી રહી છે. સમાજ જીવનમાં 'આર્થિક સફળતા એ જ એક માત્ર સફળતા'નો મૂડીવાદી વિચાર વિદ્યાર્થીઓ પર અમુક રીતે અને તાત્કાલિક સફળ થવાનું સતત દબાણ ઊભું કરી રહ્યો છે.




આ મૂળભૂત મુદ્દાઓ ઉપરાંત, મીડિયા અને ટેકનોલોજીના વ્યાપક પ્રભાવે સમસ્યામાં એક નવું પરિમાણ રજૂ કર્યું છે. ફિલ્મો, વેબ સિરીઝ અને PUBG અને ફ્રી ફાયર જેવી ઓનલાઈન વિડીયો ગેમ્સમાં હિંસક સામગ્રીનો અવિરત સંપર્ક યુવાનોને વાસ્તવિક દુનિયાની આક્રમકતા પ્રત્યે અસંવેદનશીલ બનાવે છે અને સમસ્યાઓ ઉકેલવાનાં સાધન તરીકે હિંસાને સામાન્ય બનાવે છે. વાસ્તવિકતા અને કાલ્પનિક વચ્ચેની આ ઝાંખી રેખાઓ આવેગજન્ય અને આક્રમક વર્તનના ઉદયમાં નોંધપાત્ર ફાળો આપે છે. ભારત સાયબર ધમકીઓ માટે વૈશ્વિક સ્તરે સૌથી વધુ ક્રમે છે. NCRBના આંકડા પ્રમાણે કિશોર વયના વ્યક્તિઓ સાથે થતા સાઇબર - ડિજિટલ ધમકીઓનું પ્રમાણ દર વર્ષે 30-40% ના દરે વધી રહ્યું છે. આ પ્રકારની ઉત્પીડન બાળકના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરી શકે છે, જેના કારણે કિશોર વયની વ્યક્તિઓ ચિંતા, હતાશા અને સ્વ-નુકસાન અથવા અન્યના નુકસાન તરફ વળે છે.

આ કટોકટીની માનવીય કિંમત ખૂબ મોટી છે, જે ફક્ત શારીરિક અને માનસિક આઘાતનો ભોગ બનેલા લોકોને જ નહીં, જેમણે ગુનો કર્યો છે તે અને તેની સાથે જોડાયેલ અન્યોને પણ અસર કરે છે. જો આ કિશોર ગુનેગારોનું સમાજમાં વ્યવસ્થિત રીતે પુનઃ સ્થાપન કરવામાં ના આવે તો, સમાજશાસ્ત્રની 'લેબલિંગ થીયરી' પ્રમાણે આવા ગુનેગારો ફરી હિંસાત્મક - ગુનાહિત પ્રવૃત્તિ તરફ દોરાય છે, કારણકે તેમના પર ગુનેગારનું 'લેબલ' લાગેલ હોવાથી સમાજ જીવનમાં તેમની સાથે યોગ્ય રીતે વ્યવહાર કરવામાં આવતો નથી. જે તેમનામાં ઉપેક્ષિતતાની લાગણી પેદા કરે છે. આ એક સામાન્ય નહિ પરંતુ એક જટિલ સામાજિક ઘટના છે. આ પડકારોનો સંસ્થાકીય અને લાંબાગાળાનો ઉકેલ શિક્ષાત્મક અને નિવારક પગલાંનાં મિશ્રણ દ્વારા શક્ય છે.

વ્યક્તિના જીવનને ઘડવામાં કુટુંબ સંસ્થાનો સૌથી મહત્ત્વનો ફાળો હોવાથી કિશોર વ્યક્તિઓના મનોજગતને હિંસા તરફની દોરવણીથી દૂર રાખવા માટેની મુખ્ય જવાબદારી કુંટુંબના સભ્યોની જ છે. કિશોર સભ્યો સાથેનો સતત સંવાદ અને તેમના પ્રશ્નો-મૂંઝવણો- મતને સાંભળવાની વ્યવસ્થા કરવી અનિવાર્ય છે. શાળાઓમાં માનસિક સ્વાસ્થ્ય માટેનાં તંત્રો ગોઠવવાં અનિવાર્ય છે, વિદ્યાર્થીઓને જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા મતભેદની વચ્ચે પણ સાયુજ્ય સાધવું, સમાધાનની પ્રક્રિયાઓ, હિંસાત્મક વર્તનનાં પરિણામો અંગે સંવાદની પ્રક્રિયાથી સમજણ વિકસાવવાના પ્રયત્નો કરવા જોઈએ, ફક્ત એક તરફી વ્યાખ્યાનો કે સલાહ આપવાથી પરિણામ મેળવી શકાય તેમ નથી. કારણકે તેમને હિંસાત્મક વર્તન તરફ દોરવા માટેના ઘણાં બધાં તત્ત્વો અને તંત્રો તેમની આસપાસ છે અને તેમાં વધારો થઇ રહ્યો છે. આવી પરિસ્થિતિમાં તેમની મનઃસ્થિતિને વ્યવસ્થિત રીતે જાણીને તેમને યોગ્ય દિશામાં વાળવાના તમામ કક્ષાએ પ્રયત્નો કરવામાં આવે તો સકારાત્મક પરિણામ લાવી શકાય. બાળકો મોબાઈલ - ટીવીની આભાસી દુનિયામાંથી બહાર નીકળીને રમત-ગમતના મેદાનોમાં જાય અને રમતો દ્વારા સંઘર્ષ નિવારણની ક્ષમતા પ્રાપ્ત કરે તે માટેની વ્યવસ્થાઓ દરેક સ્તરે થાય તે ઇચ્છનીય છે. આ ઉપરાંત રાજકીય - પોલીસ તંત્રે તથા મીડિયા વ્યવસ્થાએ પણ હિંસાત્મક વ્યવહારોને પ્રસરણ અને પ્રસારણ ન થાય તે અંગેના અટકાયતી પગલાંઓ લેવા પડે. આ ઉપરાંત સંવાદિત સહ-જીવનનો સકારાત્મક પ્રચાર-પ્રસાર કરવો જોઈએ જેથી કિશોર વ્યક્તિઓના માનસમાં અહિંસાત્મક વર્તન અંગે સકારાત્મક વલણ ઊભું કરી શકાય.

# ઓરસંગની આરપાર

**-ડૉ. મનોજ પરમાર**

### ભૂમિકા

સામાન્ય રીતે નદી કિનારે રહેતાં લોકોનું જીવન, વિચારો અને લાગણીઓ નદીથી ખૂબ જ ઊંડી રીતે પ્રભાવિત હોય છે. નદીઓ તેમની દિનચર્યાઓ, આજીવિકા, પરંપરાઓ અને લાગણીઓને આકાર આપે છે. પીવાનું તથા ઘરગથ્થું પાણી, ખેતી માટે સિંચાઇ, ફળદ્રુપ માટી પાકને ટેકો આપે છે, પશુપાલન, માછીમારી, વેપાર પરિવહન માટે તેનું મહત્ત્વ  છે, તે ઉપરાંત તેમનું સાંસ્કૃતિક અને આધ્યાત્મિક જોડાણ જોવા મળે છે. ઘણી સંસ્કૃતિઓ નદીઓને પવિત્ર માને છે. ધાર્મિક વિધિઓ, પ્રાર્થનાઓ અને તહેવારો ઘણીવાર નદીની આસપાસ કેન્દ્રિત હોય છે. પરંપરાગત વાર્તાઓ અને લોકકથાઓ, નદી વિશેની દંતકથાઓ લોકોની સાંસ્કૃતિક ઓળખને પ્રભાવિત કરે છે. સંગીત, ચિત્રો અને નૃત્યો ઘણીવાર નદીને જીવન આપતી શક્તિ તરીકે દર્શાવે છે. વિચારો અને લાગણીઓ, કૃતજ્ઞતા અને આદરની ભાવના, લોકો નદીને જીવનનો સ્ત્રોત માને છે અને તેના રક્ષણ માટે પ્રાર્થના કરે છે. નદીઓના કારણે અનેક પડકારોનો સામનો કરવો પડે છે, ત્યારે તેમાં અનુકૂલન અને સ્થિતિસ્થાપકતા માટે નદી કિનારાના સમુદાયો તેમની જીવનશૈલીને ટકાવી રાખવા માટે નવીન રીતો શોધે છે. પ્રદૂષણ અને પર્યાવરણીય ફેરફારો વિશે ચિંતા વ્યક્ત કરે છે, ઔદ્યોગિક કચરો, વન નાબૂદી અને શહેરીકરણ પાણીની ગુણવત્તા અને ઉપલબ્ધતાને અસર કરે છે, જેના કારણે ટકાઉપણું અંગે ચિંતાઓ ઊભી થાય છે. ડેમ અને ઉદ્યોગો જેવા વિકાસ પ્રોજેક્ટ્સ ક્યારેક લોકોને સ્થળાંતર અને વિસ્થાપન કરવા માટે મજબૂર કરે છે. નદી કિનારાના ઘણા રહેવાસીઓ ગરીબીનો સામનો કરે છે અને શિક્ષણ અને આરોગ્ય સંભાળ જેવી આધુનિક સુવિધાઓનો અભાવ ધરાવે છે.

નદી કિનારા પર રહેતાં લોકો માટે, નદી ફક્ત પાણીના સ્ત્રોત કરતાં વધુ છે, તે જીવનનો માર્ગ, એક આધ્યાત્મિક અસ્તિત્વ અને એક સાંસ્કૃતિક પ્રતીક છે. નદી સાથેનું તેમનું જોડાણ તેમના વિચારો, લાગણીઓ અને અસ્તિત્વને આકાર આપે છે. જોકે, આધુનિકીકરણ અને પર્યાવરણીય ફેરફારો પડકારો ઊભા કરે છે, જેના કારણે વિકાસ અને સંરક્ષણનું સંતુલન ખૂબ જ મહત્ત્વપૂર્ણ બને છે.

### નદીઓના કિનારે રચાયેલ પ્રથમ સંસ્કૃતિઓ


પ્રાચીન સંસ્કૃતિઓના ઇતિહાસને તપાસીએ તો સૌથી નોંધપાત્ર ઉદાહરણ પ્રાચીન  ઇજિપ્તવાસીઓનું છે, જે નાઇલ નદી પર આધારિત હતા. મેસોપોટેમિયન સંસ્કૃતિ ટાઇગ્રિસ/ યુફ્રેટિસ નદીઓ પર ફળદ્રુપ વિસ્તારમાં વિકસી. ચલો નદી પર પ્રાચીન ચીનીઓ અને સિંધુ નદી પર પ્રાચીન ભારત સંસ્કૃતિ વિકસી. આ પ્રારંભિક સંસ્કૃતિઓ નવપાષાણ યુગના પ્રારંભના (12000 BCE) સમયની આસપાસ વિકસી હતી. નદીઓ એ માનવ જીવનમાં સાંસ્કૃતિક વિકાસ માટેનું પ્રથમ આકર્ષક સ્થાન હતું, કારણ કે નદીઓ એ પીવાના પાણીનો સતત પુરવઠો પૂરો પડનારો સ્ત્રોત છે. પાક ઉગાડવા માટે જમીનને ફળદ્રુપ બનાવવામાં તેનો મહત્ત્વપૂર્ણ ફાળો છે. તેવી સમજ નદીના કિનારે રહેનારાની વિકસી. તે ઉપરાંત માલ અને લોકોનું સરળતાથી પરિવહન



કરી શકાતું હતું, અને આ સંસ્કૃતિઓના લોકો માછલીઓ પકડી શકતા હતા અને પાણી પીવા આવતા પ્રાણીઓના શિકાર કરી શકતા હતા. વધુમાં, જંગલમાં ખોવાયેલા લોકો નીચે તરફ મુસાફરી કરીને સંસ્કૃતિમાં પાછા આવી શકતા હતા, જ્યાં માનવ વસ્તીના મુખ્ય કેન્દ્રો કેન્દ્રિત હોય છે. વિશ્વની પ્રાચીન નદીઓ આપણને માનવ સંસ્કૃતિ અને સભ્યતાના ઉદ્દ્ભવનો ઐતિહાસિક સંદર્ભ પૂરો પાડે છે. આ પ્રાચીન સંસ્કૃતિઓના રહસ્યોને ઉજાગર કરવાથી આપણને આપણા સહિયારા માનવ ઇતિહાસની જાણકારી માટેની મૂલ્યવાન આંતરદૃષ્ટિ મળે છે. (1)

| **સભ્યતા** | **નદીઓ** | **મુખ્ય યોગદાન** |
|---|---|---|
| મેસોપોટેમિયન સભ્યતા | ટાઇગ્રિસ અને યુફ્રેટીસ (ઇરાક) | પ્રથમ શહેરો, લેખન (ક્યુનિફોર્મ), કાનૂની સંહિતા (હમ્મુરાબીની સંહિતા) |
| ઇજિપ્તીયન સભ્યતા | નાઇલ (ઇજિપ્ત) | પિરામિડ, સિંચાઈ, ચિત્રલિપિ |
| સિંધુ ખીણ સંસ્કૃતિ | સિંધુ અને સરસ્વતી (ભારત અને પાકિસ્તાન) | આયોજિત શહેરો, ડ્રેનેજ સિસ્ટમ્સ, વેપાર નેટવર્ક |
| ચીની સભ્યતા | પીળી અને યાંગ્ત્ઝે (ચીન) | કાંસાનાં સાધનો, રેશમ ઉત્પાદન, કન્ફ્યુશિયન ફિલસૂફી |
| મેસોઅમેરિકન સભ્યતાઓ | એમેઝોન, મિસિસિપી અને અન્ય નદીઓ | ઉન્નત કૃષિ (મકાઈ, બટાકા), મોટા મંદિર માળખાં |

**ચાર નદી ખીણ સંસ્કૃતિ (1)**




### ભારતની મહત્ત્વપૂર્ણ નદીઓ અને આદિવાસી સમુદાયો વચ્ચેનો સંબંધ

ભારતમાં નદીઓ એ આદિવાસી સમુદાયોની જીવનરેખા સમાન છે. ભારતના આદિવાસી સમુદાયો પરંપરાગત રીતે નદી કિનારે સ્થાયી થયા છે, ગોંડ, ભીલ અને સંથાલ જેવા ઘણા આદિવાસી જૂથો પરંપરાગત રીતે નર્મદા, ગંગા અને બ્રહ્મપુત્રા જેવી નદીઓના કિનારે સ્થાયી થયા છે. નદીઓ ખેતી, માછીમારી અને દૈનિક જરૂરિયાતો માટે પાણી પૂરું પાડે છે. નર્મદા નદી ખાસ કરીને ભીલ જેવી જાતિઓ માટે પવિત્ર છે, જેઓ તેને દેવી તરીકે પૂજે છે. તેમના પર નિર્વાહ, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા માટે આધાર રાખે છે. જ્યારે ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ પણ ધરાવે છે.

(1)https://egyankosh.ac.in/bitstream/123456789/12898/1/Unit-5.pdf

**ભારતમાં નીચે જણાવેલ 6 નદીના બેઝીન પર આદિવાસી સમુદાયે પોતાનાં જીવન અને સંસ્કૃતિને વિકસાવી છે**

1. ગંગા, સંથાલ, મુંડા અને ઓરાઓન જાતિઓ ગંગા બેસિનમાં રહે છે, ખાસ કરીને ઝારખંડ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં વહે છે. ગંગાને ખેતી, માછીમારી અને દૈનિક પાણીની જરૂરિયાતો માટે નદી પર આધાર રાખે છે. ગંગાને દેવી તરીકે પૂજવામાં આવે છે, ઘણા આદિવાસી ધાર્મિક વિધિઓ અને તહેવારો તેના પાણી સાથે જોડાયેલા છે.
2. નર્મદા, ભીલ, ગોંડ, કોરકુ અને બૈગા જાતિઓ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં નર્મદા ખીણમાં રહે છે. નર્મદાને પવિત્ર માનવામાં આવે છે, અને તેના કિનારે ઘણી આદિવાસી ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. આદિવાસીઓ ખેતી, માછીમારી અને તેના તટપ્રદેશમાંથી વન પેદાશો એકત્રિત કરવાની પ્રેક્ટિસ કરે છે.
3. બ્રહ્મપુત્ર, આસામ અને અરુણાચલ પ્રદેશના બોડો, મિશિંગ, કાર્બી અને કચારી જાતિઓ બ્રહ્મપુત્ર પર આધાર રાખે છે. બ્રહ્મપુત્ર નદી કિનારાના આદિવાસીઓમાં માછીમારી અને હોડી બનાવવી એ સામાન્ય વ્યવસાયો છે. બ્રહ્મપુત્ર નદી ધાર્મિક માન્યતાઓનું કેન્દ્ર છે, અને અલી-એ-લિગાંગ (મિશિંગ ઉત્સવ) જેવા તહેવારો ખેતી અને માછીમારીની ઉજવણી કરે છે.
4. ગોદાવરી, કોયા, કોલમ અને ગોંડ જાતિઓ મહારાષ્ટ્ર, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને છત્તીસગઢમાં ગોદાવરી તટપ્રદેશમાં રહે છે. ગોદાવરી નદી ખેતી, પશુપાલન અને ગૌણ વન પેદાશોના સંગ્રહને ટેકો આપે છે. ઘણા આદિવાસી તહેવારો અને મેળાઓ, જેમ કે સમ્મક્કા-સરલમ્મા જાતારા (તેલંગાણા) નદી સાથે જોડાયેલા છે.
5. મહાનદી, ઓડિશા અને છત્તીસગઢના ખારિયા, જુઆંગ અને કોંધ જાતિઓ મહાનદી પર આધાર રાખે છે. મહાનદી કિનારે આદિવાસીઓ માછીમારી, ચોખાની ખેતી અને જંગલ આધારિત આજીવિકાનો અભ્યાસ કરે છે. આદિવાસી સમુદાયો નદીને પવિત્ર માને છે, અને ઘણા આદિવાસી દેવતાઓ તેના પાણી સાથે જોડાયેલા છે.
6. કૃષ્ણા અને કાવેરી, તમિલનાડુ અને કર્ણાટકના ટોડા અને ઇરુલા જાતિઓ ખેતી અને પશુ ચરાવવા માટે કાવેરી પર આધાર રાખે છે. કૃષ્ણા બેસિન નજીક લંબાડી અને ચેંચુ જાતિઓ ખેતી અને વન સંસાધનો માટે નદી પર આધાર રાખે છે.

ભારતની મુખ્ય નદીઓએ ઐતિહાસિક રીતે આદિવાસી સમુદાયોને પાણી, ખોરાક અને સાંસ્કૃતિક મહત્ત્વ પૂરું પાડીને ટકાવી રાખ્યું છે. જોકે, મોટા બંધ પ્રોજેક્ટ્સ, વનનાબૂદી, પ્રદૂષણ અને વિસ્થાપનથી તેમની પરંપરાગત જીવનશૈલી પર ગંભીર અસર પડી છે. નદીઓ સાથેના તેમના ઊંડા મૂળિયાં જોડાણને જાળવી રાખીને આદિવાસી સમુદાયો ખીલે તે સુનિશ્ચિત કરવા માટે સમાવિષ્ટ નીતિઓ સાથે સંરક્ષણ પ્રયાસો જરૂરી છે.

**રાઠવા આદિવાસી સમુદાય અને ઓરસંગ નદી વચ્ચેનો સંબંધ**

ભીલ, રાઠવા અને નાયક આદિવાસી જાતિ-સમુદાય એ ગુજરાતની નર્મદા નદીની મુખ્ય ઉપનદી ઓરસંગ નદીના કિનારે રહેતા અગ્રણી આદિવાસી સમુદાયોમાંનો એક છે. ઓરસંગ નદી છોટા ઉદેપુર જિલ્લાના આદિવાસી પટ્ટામાંથી વહે છે, જ્યાં રાઠવાઓ પેઢીઓથી રહે છે. તેમની જીવનશૈલી નદી સાથે ઊંડે સુધી જોડાયેલી છે, જે તેમની આર્થિક પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક પરંપરાઓ, ધાર્મિક માન્યતાઓ અને સામાજિક માળખાને પ્રભાવિત કરે છે. ઓરસંગ નદી નર્મદા નદીની એક મહત્ત્વપૂર્ણ જમણા કાંઠાની ઉપનદીઓમાંની એક છે, જે મુખ્યત્વે ગુજરાતના પૂર્વ અને મધ્ય ભાગોમાંથી વહે છે. સદીઓથી ઓરસંગ નદીના તટપ્રદેશમાં રહે છે, જેના પર આધાર રાખે છે જેમ કે, પીવાનું તથા ઘરગથ્થું ઉપયોગ અને ખેતી માટે સિંચાઇ માટે જરૂરી પાણી. નદીમાં માછીમારી એ માછલી મુખ્ય પ્રોટીન સ્ત્રોત પૂરો પાડે છે. પરંપરાગત દવા, ખોરાક અને હસ્તકલા માટે જંગલો અને ઔષધીય છોડ મહત્ત્વના છે. ઓરસંગ કિનારે યોજાતા મેળા (આદિવાસી ઉત્સવ) એ સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવે છે. ઓરસંગ નદીનો તટ પ્રદેશ જળ વિજ્ઞાન, જૈવ વિવિધતા અને આજીવિકામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**1. ઓરસંગ નદીનું ભૌગોલિક સ્થાન અને ઐતિહાસિક સંદર્ભ:**

ઓરસંગ નદી ગુજરાત, ભારતના છોટા ઉદેપુર જિલ્લા અને વડોદરા જિલ્લામાંથી વહે છે. તે ચાંદોદ ગામમાં નર્મદા નદી સાથે જોડાય છે. તે મધ્યપ્રદેશના ભાવરાના જંગલમાંથી નીકળે છે અને છોટા ઉદેપુર શહેર નજીક ગુજરાતમાં પ્રવેશે છે. નદી ગુજરાતમાં રેતીની પ્રાથમિક પ્રદાતા છે, જે ખાસ કરીને બોડેલી અને છોટા ઉદેપુર વચ્ચેના પ્રદેશમાં વિવિધ પ્રકારની રેતી ખનન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે.

ઓરસંગ નદી મધ્યપ્રદેશમાંથી નીકળી છોટાઉદેપુર નજીક ગુજરાતમાં પ્રવેશે છે. આગળ જતાં તે યાત્રાધામ ચાણોદ ખાતે નર્મદા નદીમાં ભળી જાય છે. તેના પહોળા પટમાં તરબૂચની ખેતી થાય છે. છોટાઉદેપુર, બોડેલી તથા પાવી જેતપુર આ નદીના કિનારે વસેલાં મુખ્ય નગરો છે. હેરણ નદી અને સુખી નદી આ નદીની ઉપનદી છે, જે પૈકી સુખી નદી પર ડુંગરવાંટ ગામ પાસે બંધ બાંધી જળાશય બનાવવામાં આવેલ છે. [ii] સુખી બંધ એ એક પાળવાળો બંધ છે, જે માટીયાર અને ચણતર પ્રકારનો છે. આ બંધ ગુજરાત રાજ્યના વડોદરા જિલ્લાના ડુંગરવાંટ ગામની નજીક સુખી નદી, જે નર્મદા નદીની ઉપનદી એવી ઓરસંગ નદીની ઉપનદી છે, તેના પર આવેલો છે. આ બંધનો પ્રાથમિક હેતુ 31532 હેક્ટર (77920 એકર) જમીનમાં 350 કિ.મી. લાંબી નહેરો વડે સિંચાઇ કરવાનો છે. આ બંધનું બાંધકામ 1978 થી 1987 વચ્ચે કરવામાં આવ્યું હતું. [iii] ગુજરાતના ભરૂચ નજીક નર્મદા નદી જોડે તેનું સંગમ સ્થાન છે. નદી આદિવાસી પ્રભુત્વ ધરાવતા પ્રદેશોમાંથી પસાર થાય છે, જે તેને પર્યાવરણીય અને સાંસ્કૃતિક રીતે મહત્ત્વપૂર્ણ બનાવે છે. સાથે ઓરસંગ નદીનું દૃશ્ય ([iv]) ઓરસંગ નદી મધ્યપ્રદેશમાંથી ઉદ્‌ભવે છે અને ગુજરાતમાં વહે છે, જે એક મહત્ત્વપૂર્ણ આદિવાસી પ્રદેશને આવરી લે છે. છોટા ઉદેપુર જિલ્લો, જ્યાં રાઠવા સમુદાય કેન્દ્રિત છે, તે તેના સમૃદ્ધ જંગલો, ટેકરીઓ અને ઓરસંગ દ્વારા પોષાયેલી ફળદ્રુપ જમીન માટે જાણીતો છે. રાઠવાઓ પરંપરાગત રીતે જંગલ ગામોમાં રહે છે, જે નિર્વાહ માટે નદી અને આસપાસના વાતાવરણ પર આધાર રાખે છે.

**2. ઓરસંગ નદીનું ઇકોલોજીકલ મહત્ત્વ:**

ઓરસંગ નદીના તટ પ્રદેશમાં સમૃદ્ધ જૈવ વિવિધતા જોવા મળે છે. નદીની જળચર સૃષ્ટિમાં માછલીઓની અનેક પ્રજાતિઓનું ઘર છે, કાચબા,

કેટફિશ, મીઠા પાણીના ઝીંગા, કરચલાનો સવિશેષ સમાવેશ થાય છે. નદી જંગલી અને ડુંગરાળ વિસ્તારમાંથી વહે છે, જેમાં સસ્તન પ્રાણીઓ જેવા કે ચિત્તા (પેન્થેરા પાર્ડસ) શૂલપાણેશ્વર વન્યજીવન અભયારણ્યમાં જોવા મળે છે. સ્લોથ રીંછ (મેલુરસસ ઉર્સિનસ)  નદીની નજીકના જંગલોમાં ફરે છે. પટ્ટાવાળી હાયના (હ્યાના હાયના)  સૂકા વિસ્તારોમાં જોવા મળે છે. સરિસૃપ જીવોમાં મગર (ક્રોકોડાયલસ પેલુસ્ટ્રિસ) નદીના શાંત ભાગોમાં જોવા મળે છે. મોનિટર ગરોળી નદી કિનારે જોવા મળે છે. પક્ષીઓમાં ભારતીય સ્કિમર (રાયન્કોપ્સ આલ્બીકોલિસ) રેતી કિનારે ઉછરે છે. કિંગફિશર, એગ્રેટ, બગલા, ખોરાક માટે નદી પર આધાર રાખે છે. ઓરસંગ નદીના તટપ્રદેશમાં ગાઢ જંગલો, ઝાડી-ઝાંખરા અને દરિયા કિનારાના વિસ્તારોનો સમાવેશ થાય છે, જે ઔષધીય છોડ અને આર્થિક રીતે મૂલ્યવાન વૃક્ષોનું ઘર છે. મુખ્ય વૃક્ષની પ્રજાતિઓમાં સાગ (ટેકટોના ગ્રાન્ડિસ) વ્યાપારી રીતે મહત્ત્વપૂર્ણ. મહુડા (મધુકા ઇન્ડિકા) આદિવાસી સમુદાયો દ્વારા ખોરાક અને પરંપરાગત દારૂ માટે ઉપયોગમાં લેવાય છે. વાંસ (ડેન્ડ્રોકેલેમસ સ્ટ્રિકટસ) - બાંધકામ અને હસ્તકલા માટે વપરાય છે. ઔષધીય છોડમાં મુખ્યત્વે અશ્વગંધા (વિથાનિયા સોમ્નિફેરા) આયુર્વેદિક દવામાં વપરાય છે. હળદર (કર્કુમા લોન્ગા) નદી કિનારે ઉગાડવામાં આવે છે. લીમડો (આઝાદિરાચ્ટા ઇન્ડિકા) પૂરના મેદાનોમાં જોવા મળે છે.

### 3. ઓરસંગ નદી પર આર્થિક નિર્ભરતા:



રાઠવા લોકો કૃષિ ઉત્પાદન માટે પરંપરાગત સિંચાઈ પદ્ધતિઓનો ઉપયોગ કરીને બાજરી, મકાઈ, કઠોળ અને ચોખા ઉગાડીને નિર્વાહ ખેતી કરે છે. ઓરસંગ નદી કુદરતી સિંચાઈ વ્યવસ્થા પૂરી પાડે છે, જે સૂકી ઋતુઓમાં પણ ખેતીને સક્ષમ બનાવે છે. બદલાતા ચોમાસાના પેટર્ન સાથે, નદી પાક માટે આવશ્યક પાણીનો સ્ત્રોત રહે છે. માછીમારી રાઠવા સમુદાય માટે ખોરાક અને આવકનો પૂરક સ્ત્રોત છે. પરંપરાગત માછીમારી તકનીકો, જેમ કે હાથથી બનાવેલી જાળી અને વાંસના ફાંસોનો ઉપયોગ, પેઢી દર પેઢી પસાર થાય છે. જો કે, આધુનિક બંધ બાંધકામો અને જળ પ્રદૂષણે માછલીની ઉપલબ્ધતા પર અસર કરી છે. રાઠવા લોકો લાકડાં, ઔષધીય છોડ અને જંગલી ફળો માટે નદીનાં જંગલો પર આધાર રાખે છે. નદી કિનારે જોવા મળતા વાંસનો ઉપયોગ ઘર બાંધકામ, હસ્તકલા અને સાધનો બનાવવાં માટે થાય છે. સમુદાય કુદરતી સંસાધનોનો ટકાઉ ઉપયોગ કરે છે, જે પર્યાવરણ પર ન્યૂનતમ અસર કરે છે.

### 4. ઓરસંગ નદીનું સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્ત્વ:

ઓરસંગ નદીને પવિત્ર માનવામાં આવે છે, અને ઘણી લોક દંતકથાઓ અને પૌરાણિક કથાઓ તેની સાથે સંકળાયેલી છે. રાઠવા ધાર્મિક વિધિઓ અને



તહેવારોમાં કૃતજ્ઞતાના સંકેત તરીકે નદીને પ્રાર્થના અને ફૂલો ચઢાવવાનો સમાવેશ થાય છે. ઘણા રાઠવા દેવતાઓ નદી કિનારાની નજીક રહે છે, જે તેમની ધાર્મિક પ્રથાઓને પ્રભાવિત કરે છે તેવું માનવામાં આવે છે. પિથોરા ચિત્રો, એક પરંપરાગત રાઠવા કલા સ્વરૂપ, ઘણીવાર નદીઓ, જંગલો અને દેવતાઓનું ચિત્રણ કરે છે જે તેમની જમીનનું રક્ષણ કરે છે. ઘરની દીવાલો પર દોરવામાં આવેલા આ ચિત્રો સમૃદ્ધિ અને દૈવી આશીર્વાદનું પ્રતીક છે, જેમાં ઓરસંગ નદી ઘણીવાર કલાકૃતિમાં દેખાય છે. ભગોરિયા ઉત્સવ, એક મહત્ત્વપૂર્ણ આદિવાસી ઘટના, નદી કિનારાની નજીક યોજાય છે, જ્યાં સમુદાય મેળાવડા અને પરંપરાગત બજારો યોજાય છે. નવરાત્રી દરમિયાન, રાઠવા આદિવાસી નૃત્યો અને ગીતો રજૂ કરવામાં આવે છે, જે ઘણીવાર તેમના જીવનમાં નદીની ભૂમિકાની ઉજવણી કરે છે. ઓરસંગ નદી કિનારે રહેતા રાઠવા અને ભીલ જાતિઓ માટે ઓરસંગ નદી મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્ત્વ  ધરાવે છે. તેમની સમૃદ્ધ લોકકથાઓમાં સર્જન પૌરાણિક કથાઓ, ધાર્મિક વિધિઓ અને દંતકથાઓનો સમાવેશ થાય છે જે નદી સાથેના તેમના ઊંડા જોડાણને પ્રતિબિંબિત કરે છે. સૃષ્ટિ પૌરાણિક કથા રાઠવા લોકકથાઓ અનુસાર, ઓરસંગ નદીની ઉત્પત્તિ એક નવજાત બાળક સાથે સંકળાયેલી એક ગહન ઘટના સાથે જોડાયેલી છે. તેમની પરંપરાગત વાર્તાઓમાં વર્ણવ્યા મુજબ, એક પિતા, તેના નવજાત શિશુને પ્લેસેન્ટા સાથે લઈ જતા, એક માર્ગ પર ચાલ્યો જે નદીના પ્રવાહમાં પરિવર્તિત થયો. પાછળ રહેલો રસ્તો વહેતો ઓરસંગ બની ગયો, જેની ભાષામાં "ઓરસંગ" નો અર્થ "પ્લેસેન્ટા સાથે" થાય છે. આ દંતકથા નદીની પવિત્રતા અને સમુદાયના વંશ અને જીવનચક્ર સાથેના તેના આંતરિક બંધનને રેખાંકિત કરે છે.

ધાર્મિક વિધિઓ અને સાંસ્કૃતિક પ્રથાઓ [v] ઓરસંગ નદી વિવિધ ધાર્મિક વિધિઓ અને સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ માટે કેન્દ્રબિંદુ તરીકે સેવા આપે છે. પિથોરા ચિત્રો: રાઠવા સમુદાય તેમના જીવંત પિથોરા ચિત્રો માટે પ્રખ્યાત છે, જે ઘણીવાર દેવતાઓનું સન્માન કરવા અને આશીર્વાદ મેળવવા માટે ધાર્મિક પ્રથાઓના ભાગ રૂપે બનાવવામાં આવે છે. આ ચિત્રો વારંવાર પ્રકૃતિનાં તત્ત્વોનું નિરૂપણ કરે છે, જેમાં નદીઓનો સમાવેશ થાય છે, જે તેમના બ્રહ્માંડશાસ્ત્રમાં ઓરસંગની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનું પ્રતીક છે. તહેવારો અને મેળાવડા [vi] માં મોસમી તહેવારો, ખાસ કરીને વસંત ઋતુ દરમિયાન, નદી કિનારે સંગીત, નૃત્ય અને સાંપ્રદાયિક મેળાવડા સાથે ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમો ફક્ત સામાજિક બંધનોને મજબૂત બનાવતા નથી પરંતુ તેમની આજીવિકા ટકાવી રાખવા માટે નદી પ્રત્યે કૃતજ્ઞતા પણ વ્યક્ત કરે છે. દંતકથાઓ અને પવિત્ર સ્થળો ઓરસંગ નદી કિનારે આવેલી ઘણી દંતકથાઓ અને પવિત્ર સ્થળો [vii] તેના આધ્યાત્મિક મહત્ત્વને પ્રકાશિત કરે છે.  બાબા વખ્તોર ટેકરી. નદીના કિનારે સ્થિત, આ ટેકરી બાબા વખ્તોરને સમર્પિત છે, જેને રક્ષક દેવતા તરીકે ગણવામાં આવે છે. તે ડાકણો તરીકે બહિષ્કૃત મહિલાઓ માટે આશ્રયસ્થાન તરીકે સેવા આપે છે, જે આશ્વાસન શોધે છે અને અહીં ધાર્મિક વિધિઓ કરે છે, જે સમુદાયની જટિલ સામાજિક

ગતિશીલતા અને અભયારણ્ય તરીકે નદીની ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે. નર્મદા સાથે સંગમ [viii] ઓરસંગ ચાંદોદ ખાતે નર્મદા નદી સાથે ભળી જાય છે, જે પવિત્ર માનવામાં આવે છે. આ સંગમ એક યાત્રાધામ છે, જે નદીઓના જોડાણ અને સાંસ્કૃતિક અને આધ્યાત્મિક શક્તિઓનાં મિશ્રણનું પ્રતીક છે. સમકાલીન મહત્ત્વ  આધુનિક સમયમાં, ઓરસંગ નદી સાથે સંકળાયેલા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને સાચવવા અને દસ્તાવેજીકૃત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. વાચા મ્યુઝિયમ ઓફ વોઇસ [ix] ઓરસંગ નદીની નજીક તેજગઢ ગામમાં સ્થિત, આ સંગ્રહાલય આદિવાસી એકેડેમી પહેલનો એક ભાગ છે. તેનો ઉદ્દેશ્ય સ્થાનિક આદિવાસી સમુદાયોના મૌખિક ઇતિહાસ, કલાકૃતિઓ અને પરંપરાઓનું સંરક્ષણ કરવાનો છે, જેથી ખાતરી થાય કે નદી સાથે જોડાયેલી લોકવાયકાઓ અને સાંસ્કૃતિક પ્રથાઓ સમય જતાં ખોવાઈ ન જાય. ઓરસંગ નદીની આસપાસની લોકવાયકાઓ નદી અને સ્વદેશી સમુદાયો વચ્ચેના ગહન સંબંધને સમાવિષ્ટ કરે છે. પૌરાણિક કથાઓ, ધાર્મિક વિધિઓ અને દંતકથાઓ દ્વારા, નદીને માત્ર કુદરતી સંસાધન તરીકે જ નહીં, પરંતુ તેમની સાંસ્કૃતિક ઓળખ અને આધ્યાત્મિક સુખાકારી માટે અભિન્ન પવિત્ર અસ્તિત્વ તરીકે પણ પૂજનીય માનવામાં આવે છે.

## 5. રાઠવા-ઓરસંગ સંબંધો પર આધુનિક વિકાસની અસર:

મહી નદી પરના કડાણા ડેમ, જે ઓરસંગ બેસિનને પરોક્ષ રીતે અસર કરે છે, તેના કારણે રાઠવા પરિવારોનું વિસ્થાપન થયું છે. શહેરીકરણ અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદનને કારણે કેટલાક રાઠવાઓને કામ માટે શહેરોમાં સ્થળાંતર કરવાની ફરજ પડી છે. ઓરસંગ નદી નજીક વનનાબૂદી અને ગેરકાયદેસર ખાણકામને કારણે માટીનું ધોવાણ અને પાણીનું દૂષણ થયું છે.  નજીકના ઉદ્યોગોમાંથી રાસાયણિક પ્રદૂષકો નદીની શુદ્ધતાને જોખમમાં મૂકે છે, જે ખેતી અને માછીમારીને અસર કરે છે. આબોહવા પરિવર્તનને કારણે અણધારી વરસાદની પેટર્ન પાણીની ઉપલબ્ધતાને અસર કરે છે. સિંચાઈ અને શહેરી જરૂરિયાતો માટે પાણીના વધુ પડતા નિષ્કર્ષણને કારણે નદીના પટ મોસમી સુકાઈ ગયા છે, જેના કારણે રાઠવા લોકો માટે મુશ્કેલીઓ ઊભી થઈ છે. ઓરસંગ નદી સામે પર્યાવરણીય પડકારો નીચે મુજબ કહી શકાય.

- **પ્રદૂષણ અને ઔદ્યોગિક કચરો:** ઓરસંગ નદી વડોદરા નજીકના ઔદ્યોગિક વિસ્તારોમાંથી પસાર થાય છે, જ્યાં રાસાયણિક અને કાપડ ફેક્ટરીઓ દ્વારા પ્રક્રિયા ન કરાયેલ કચરો પાણીમાં છોડવામાં આવે છે. કૃષિ પ્રવાહ (જંતુનાશકો અને ખાતરો) પાણીની ગુણવત્તાને બગાડે છે, જળચર જીવન અને પીવાના પાણીના સ્ત્રોતોને નુકસાન પહોંચાડે છે. ભારે ધાતુઓનું દૂષણ માછલીઓની વસ્તીને અસર કરે છે અને પાણીને વપરાશ માટે અસુરક્ષિત બનાવે છે.
- **રેતી ખાણકામ અને નદીના પટનો વિનાશ:** દાહોદ અને છોટા ઉદેપુર નજીક ગેરકાયદેસર રેતી ખાણકામ નદીના કાંઠાનું ધોવાણ, જળચર નિવાસસ્થાનનું નુકસાન અને માછલીઓની વસ્તીમાં ઘટાડો તરફ દોરી ગયું છે. વધુ પડતા નિષ્કર્ષણથી મહસીર જેવી માછલીઓના પ્રજનન ક્ષેત્રોમાં અવરોધ આવે છે અને ભૂગર્ભજળ સ્તરમાં ઘટાડો થાય છે.
- **વનનાબૂદી અને રહેઠાણનું નુકસાન:** અનિયંત્રિત લાકડાં કાપવાં અને કૃષિ વિસ્તરણને કારણે ઉપરના તટપ્રદેશમાં વનનાબૂદી થઈ છે, જેના કારણે માટીનું ધોવાણ વધ્યું, નદીમાં વધુ કાંપ પ્રવેશે છે, જેના કારણે તે છીછરી બને છે. અચાનક પૂર અને પાણીની અછત, ઓછી વનસ્પતિ એટલે જમીનમાં પાણીનો સંગ્રહ ઓછો થાય છે. ઘટતા જંગલો દીપડા, સુસ્ત રીંછ અને સ્થળાંતર કરતા પક્ષીઓના રહેઠાણને જોખમમાં મૂકે છે. ઓરસંગ નદી નજીક આવેલ શૂલપાણેશ્વર વન્યજીવન અભયારણ્ય વનનાબૂદી અને અતિક્રમણથી જોખમમાં છે.
- **આબોહવા પરિવર્તન અને અનિયમિત વરસાદ:** ઓછો વરસાદ, શુષ્ક મહિનાઓમાં નદીના પ્રવાહમાં ઘટાડો, માછીમારી અને ખેતી પર અસર કરે છે. ઉનાળાના તાપમાનમાં વધારો, વધુ બાષ્પીભવન, પાણીની અછત તરફ દોરી જાય છે. અણધાર્યું ચોમાસું, અચાનક પૂર ખેતીની જમીનનો નાશ કરે છે અને આદિવાસી આજીવિકાને ખોરવી નાખે છે. 2022 માં, દાહોદ અને છોટા ઉદેપુરમાં અનિયમિત વરસાદને કારણે ઉનાળામાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ.

## 6. આદિવાસી સમુદાયના કલ્યાણ અને સંરક્ષણ માટેના પ્રયાસો

- સરકારી યોજનાઓ જેવી કે વનબંધુ કલ્યાણ યોજના હેઠળના વિવિધ કાર્યક્રમો ટકાઉ પાણી વ્યવસ્થાપન સહિત આદિવાસી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.
- બિનસરકારી સંસ્થાઓ દ્વારા નદી સંરક્ષણ અને આદિવાસી સશક્તિકરણ પર કામ કરતી સંસ્થાઓ પર્યાવરણને અનુકૂળ ખેતી અને પાણી સંરક્ષણને પ્રોત્સાહન આપવામાં આવે છે.
- રાઠવાના અને નાયકા ભીલ સમુદાયના વડીલો નવી પેઢીને પાણી સંરક્ષણ તકનીકો શીખવે છે, જેમ કે નાના ચેક ડેમ બનાવવા અને નદીની નજીક પવિત્ર જંગલોની જાળવણી કરવી.
- વડોદરા અને ભરૂચમાં કડક ઔદ્યોગિક કચરા વ્યવસ્થાપન અને દેખરેખ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ મારફતે કરવામાં આવે છે.
- વનીકરણ કાર્યક્રમો દ્વારા ધોવાણ અટકાવવા અને વન્યજીવનનું રક્ષણ કરવા માટે સ્થાનિક પ્રજાતિઓનું વાવેતર કરવામાં આવે છે.
- નદીના તળની સ્થિરતા જાળવવા માટે રેતી ખનન પ્રવૃત્તિ પર સરકાર દ્વારા લાદવામાં આવેલી મર્યાદાઓનું નિયમનકારી તંત્ર કાર્યરત છે.
- વરસાદી પાણીના સંગ્રહ અને પ્રાકૃતિક ખેતી જેવા સંરક્ષણ પ્રોજેક્ટ્સમાં ભાગ લેવા માટે આદિવાસી સમુદાયોને પ્રોત્સાહિત કરવા માટે સમુદાય સાથે સહ ભાગીદારી લેવામાં આવે છે.
- ટકાઉ પર્યટન અને નદીની જૈવવિવિધતાને સુરક્ષિત રાખીને આવક ઉત્પન્ન કરી શકે તેવા પર્યાવરણ-પર્યટન સ્થળોને પ્રોત્સાહન આપવામાં આવે છે.

**નિષ્કર્ષ:** ઓરસંગ નદી નર્મદાની એક મહત્ત્વપૂર્ણ ઉપનદી છે, જે જૈવવિવિધતા, આદિવાસી આજીવિકા અને કૃષિને ટેકો આપે છે. ઓરસંગ નદી રાઠવા આદિવાસી સમુદાયની જીવનરેખા છે, જે તેમની અર્થવ્યવસ્થા, સંસ્કૃતિ અને આધ્યાત્મિક માન્યતાઓને આકાર આપે છે. જો કે, આધુનિક વિકાસ, ઔદ્યોગિકીકરણ અને પર્યાવરણીય અધોગતિ આ ઊંડા મૂળિયાં સંબંધોને જોખમમાં મૂકી રહી છે. પ્રદૂષણ, વનનાબૂદી, ગેરકાયદેસર ખાણકામ અને આબોહવા પરિવર્તન જેવા પડકારો તેના પર્યાવરણીય સંતુલનને જોખમમાં મૂકે છે. નદી સાથેના તેમના જૂના જોડાણને જાળવી રાખીને રાઠવા સમુદાયનો વિકાસ ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટે સંરક્ષણ પ્રયાસો, ટકાઉ વિકાસ અને આદિવાસી અધિકારોનું રક્ષણ જરૂરી છે, ભવિષ્યની પેઢીઓ માટે નદીને બચાવવા માટે ટકાઉ સંરક્ષણ પ્રયાસો, કડક પર્યાવરણીય નિયમો અને સમુદાય ભાગીદારી જરૂરી છે.

**સંદર્ભ:**


[i] https://historyvista.com/exploring-the-4-ancient-river-valley-civilizations-a-historical-journey/#:~:text=

[ii] https://gu.wikipedia.org/wiki/#cite_note-1 “Sukhi Water Resources Project”. Narmada, Water Resources, Water Supply and Kalpsar Department. મૂળ માંથી 2016-03-17 પર સંગ્રહિત.

[iii] https://gu.wikipedia.org/wiki80#cite_note-1

[iv] https://en.m.wikipedia.org/wiki/File:Orsang_river.jpg

[v] Kanji Patel (2017) Goth: Adivasi Stories from Gujarat, Bhasha Research and Publication Centre, Vadodara

[vi] https://umagowrishankar.wordpress.com/2011/03/30/orsang/?utm_source=chatgpt.com

[vii] https://timesofindia.indiatimes.com/city/ahmedabad/the-wailing-witches-of-baba-vakhtor/articleshow/722395.cms?utm_source=chatgpt.com

[viii] https://en.wikipedia.org/wiki/Orsang?utm_source=chatgpt.com

[ix] https://en.wikipedia.org/wiki/Vaacha%3A_Museum_of_Voice?utm_source=chatgpt.com

# પ્રવૃત્તિ • દર્પણ

-શ્રી અદ્વૈતા દવે

## વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ



### એન.સી.સી. કેડેટ્સની પસંદગી –અનુશાસન અને એકતાની દિશામાં પહેલું પગથિયું

ગૂજરાત વિદ્યાપીઠમાં નવા એન.સી.સી. કેડેટ્સના પ્રવેશ સાથે શિસ્ત, એકતા અને રાષ્ટ્રસેવાનો જુસ્સો ઝળહળી ઉઠ્યો હતો. પસંદગી પ્રવેશ સુધીની આ યાત્રા માત્ર એન.સી.સી.માં જોડાવા પૂરતું જ સીમિત ન રહેતા રાષ્ટ્રપ્રેમ, જવાબદારી અને નેતૃત્વ તરફનું મહત્વપૂર્ણ પગથિયું છે. નવોદિત કેડેટ્સ હવે શિસ્તબદ્ધ નાગરિક બની દેશની સેવા માટે સમર્પિત જીવન જીવવાની દિશામાં આગળ વધશે. ગૂજરાત વિદ્યાપીઠને ગર્વ છે કે તેની નવી પેઢી એન.સી.સી.ની પરંપરાને આગળ ધપાવી રહી છે.

### ગૂજરાત વિદ્યાપીઠ ખાતે રાજ્ય સ્તરીય પ્રિ. આર.ડી. પસંદગી શિબિર




ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે તા. ૨૦-૨૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ રાજ્ય સ્તરીય પ્રિ. આર.ડી. પસંદગી શિબિર યોજાઈ હતી. જેમાં રાજ્યની ૪૫ યુનિવર્સિટીમાંથી આવેલા આશરે 300 એન.એસ.એસ. કેડેટ્સે દોડ, પરેડ, સાંસ્કૃતિક રજૂઆતો અને વ્યક્તિત્વ પરીક્ષણમાં પોતાની પ્રતિભા દર્શાવી હતી. આ શિબિર માત્ર પસંદગી પૂરતી જ નહીં, પરંતુ યુવાનોમાં શિસ્ત, આત્મવિશ્વાસ અને દેશસેવાની ભાવના વિકસાવવાનું પ્રેરક માધ્યમ બની રહી

### વૃક્ષ વાવો, જીવન બચાવો!




ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે શારીરિક શિક્ષણ વિભાગના એનએસએસ એકમ દ્વારા સાદરા પરિસર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ જાતનાં છોડ રોપી તેમના સંવર્ધનની જવાબદારી લીધી હતી. કાર્યક્રમનો હેતુ પર્યાવરણ જાગૃતિ અને હરિયાળું ભવિષ્ય સર્જવાનો રહ્યો હતો.

### સમાજકાર્ય વિભાગની વિદ્યાર્થિનીઓ દ્વારા માનવતાનું ઉમદા ઉદાહરણ



ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગની વિદ્યાર્થિનીઓએ 1 ઓગસ્ટ 2025ના રોજ માનવતાનું એક અનોખું દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું, જે ગૂજરાત વિદ્યાપીઠની સમાજસેવા પરંપરાની ઉજવણી સમાન છે. અમદાવાદના લાલ દરવાજા એ.એમ.ટી.એસ. બસ સ્ટોપ ખાતે સમાજકાર્ય વિભાગની વિદ્યાર્થિનીઓ — સંગીતા પટેલ, તનુજા ઠાકોર, કિંજલ રાઠવા અને સેજલ વાઘેલાને એક નાનું બાળક મળી આવ્યું હતું. પરિસ્થિતિની ગંભીરતા સમજીને વિદ્યાર્થિનીઓએ તરત જ કારંજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ સતત ચાર કલાક સુધી બાળકની સાથે રહીને બાળકની સંપૂર્ણ જવાબદારી લીધી હતી.માતા-બાળકના પુનર્મિલન માટે વિદ્યાર્થિનીઓએ સાઇબર ક્રાઇમ ટીમની મદદથી CCTV ફૂટેજ તેમજ સ્થળ પર તપાસ ચાલુ રાખીને અંતે મહિલા પોલીસ કોન્સ્ટેબલ તથા મહિલા પોલીસ કાઉન્સેલરની હાજરીમાં બાળકને તેની માતા સાથે મળાવતાં, એક જીવંત માનવતાનું દૃશ્ય સર્જાયું હતું. આ કાર્યમાં સહયોગ આપનાર કારંજ પોલીસ, સાઇબર ક્રાઇમ ટીમ તથા તમામ જવાબદાર વિભાગોનો હૃદયપૂર્વક આભાર સાથે, સમાજસેવા અને જવાબદારીની ઉત્તમ મિસાલ રજૂ કરનાર વિદ્યાર્થિનીઓને ગૂજરાત વિદ્યાપીઠ તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## સૂક્ષ્મ અધ્યાપન: શિક્ષકત્વની કળાનો અનોખો પાઠ



ગૂજરાત વિદ્યાપીઠની શિક્ષણ વિદ્યાશાખા (IASE) ખાતે "સૂક્ષ્મ અધ્યાપન કાર્યશાળા અને સ્પર્ધા"નું આયોજન થયું હતું. શિક્ષકત્વમાં કળા, કુશળતા અને સર્જનાત્મકતાનું મહત્વ દર્શાવતો આ કાર્યક્રમ પ્રશિક્ષણાર્થીઓ માટે યાદગાર અનુભવ રહ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઇ પટેલે શિક્ષકની ભૂમિકા જીવન ઘડતર સાથે જોડાતી હોવાની વાત કરી અને અધ્યાપન કૌશલ્યને શિક્ષણપ્રક્રિયાનો આધાર સ્તંભ ગણાવ્યો હતો. ૨૯માંથી પસંદ થયેલા ૧૨ પ્રશિક્ષણાર્થીઓએ વિષય અભિગમ, પાટિયા નોંધ, પ્રશ્ન પ્રવાહિતા, સ્પષ્ટીકરણ અને અન્ય કૌશલ્યોમાં પોતાની પ્રતિભા દર્શાવી હતી. આ કાર્યશાળા માત્ર શૈક્ષણિક પ્રવૃત્તિ નહીં, પરંતુ ભવિષ્યના સશક્ત શિક્ષકોને ઘડનારી મહત્વની કસોટી સાબિત થઈ હતી.

## વિશ્વ ફોટોગ્રાફી દિવસ પર ગૂજરાત વિદ્યાપીઠમાં ફોટોગ્રાફી સ્પર્ધા

વિશ્વ ફોટોગ્રાફી દિવસ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠની પ્રકાશન અને જનસંપર્ક શાખા દ્વારા "મારો મનપસંદ ફોટો" વિષય પર ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ એક ક્લિકમાં ગૂજરાત વિદ્યાપીઠની સંસ્કૃતિ, વારસો અને મૂલ્યોને જીવંત અભિવ્યક્ત કર્યા હતા. શ્રેષ્ઠ ફોટોગ્રાફ્સ ડિજિટલ પ્લેટફોર્મ પર પ્રદર્શિત થયા હતા અને વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા – અપૂર્વ સોલંકી (પ્રથમ), અક્ષય પરમાર (દ્વિતીય) અને અદિતભાઇ ચૌધરી (તૃતીય). આ સ્પર્ધા વિદ્યાર્થીઓ માટે સર્જનાત્મકતા અને અભિવ્યક્તિનો અનોખો અવસર બની રહી.







# પરિસંવાદ અને જ્ઞાનવિસ્તાર

## ગૂજરાત વિદ્યાપીઠમાં પીએચ.ડી. પ્રવેશ પ્રક્રિયા – તબક્કો-૨



ગૂજરાત વિદ્યાપીઠમાં પીએચ.ડી. પ્રવેશ પ્રક્રિયાના બીજા તબક્કા અંતર્ગત શૈક્ષણિક શાખા દ્વારા જૂથચર્ચા અને વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ વિભાગોના વડાઓ તથા વિષય નિષ્ણાતોએ અરજદારો સાથે સંવાદ સાધ્યો હતો અને તેમના સંશોધનના વિચારો તથા શૈક્ષણિક દૃષ્ટિકોણ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ પ્રવેશ પ્રક્રિયામાં માત્ર શૈક્ષણિક માપદંડ જ નહીં, પરંતુ સંશોધન પ્રત્યેનો ઉત્સાહ, સર્જનાત્મક દૃષ્ટિકોણને પણ સમાન મહત્ત્વ આપવામાં આવ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠ તરફથી તમામ ઉમેદવારોને સંશોધનની આ યાત્રા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.



## પ્રોફેસર અનિલ ડી. સહસ્રબુદ્ધેજીનો પ્રેરણાદાયી સંવાદ

શિક્ષણ જગતમાં નવી દિશાઓ દર્શાવનારા પ્રોફેસર અનિલ ડી. સહસ્રબુદ્ધેજી ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાતે આવ્યા ત્યારે પરિસરમાં ઉત્સાહ અને ગૌરવની લાગણી છવાઇ ગઇ હતી. તેઓ હાલમાં NETF, NBA, NAACના અધ્યક્ષ છે તેમજ ભૂતપૂર્વ AICTE પ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે. પ્રોફેસર અનિલ ડી. સહસ્રબુદ્ધેજીએ વિદ્યાર્થીઓને મોટાં સપનાં જોવાની હિંમત આપી અને શિક્ષણને જીવન પરિવર્તનનું સાધન માની તેને નિષ્ઠાપૂર્વક અનુસરવાની પ્રેરણા આપી હતી. આ મુલાકાત ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસમાં એક યાદગાર ક્ષણ બની રહી. એક એવી ક્ષણ, જે ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓને પ્રકાશપથ દર્શાવતી રહેશે.



## હિન્દ છોડો ચળવળ દિવસ – ઈતિહાસ સાથેનો સંવાદ



ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા હિન્દ છોડો ચળવળ દિવસને વિશેષ ભાવ અને જાગૃતિ સાથે ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ માત્ર ભૂતકાળની ઘટનાઓને યાદ કરવાનો ન હતો, પરંતુ તેને આજના સમયના સંદેશાઓ સાથે જોડીને નવી વિચારસરણી અને જાગૃતિ પેદા કરવાનો હતો. આ પ્રસંગે અધ્યાપકોએ વિવિધ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરીને વિદ્યાર્થીઓ સાથે ગહન સંવાદ યોજ્યો હતો. આ ચર્ચાઓ દ્વારા ઇતિહાસમાંથી પ્રેરણા મેળવી વર્તમાન પરિસ્થિતિમાં સમાજ પ્રત્યેની જવાબદારી સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## વિજ્ઞાનના વિક્રમ: એક યાત્રાનું સ્મરણ

આકાશને સ્પર્શવાના સ્વપ્ન સાથે ભારતને નવાં શિખરો સુધી પહોંચાડનાર દૃષ્ટા વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની 106મી જન્મજયંતિ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠના વિજ્ઞાન વિસ્તરણ કેન્દ્રમાં વિશેષ કાર્યક્રમ યોજાયો. ક્વિઝ, વક્તૃત્વ સ્પર્ધા અને પૉસ્ટર મેકિંગ જેવી વિવિધ વિજ્ઞાન આધારિત પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ ઉમંગ અને સર્જનાત્મકતાથી ભાગ લીધો હતો. દરેક સ્પર્ધાએ વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનની અભિવ્યક્તિ કરવાની સાથેસાથે નવા વિચારોને શોધવા અને સમજવા માટે પણ પ્રેરણા આપી. વિજેતાઓને મેડલ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉજવણી માત્ર એક સ્મૃતિ નહોતી, પરંતુ ડૉ. વિક્રમ સારાભાઈના સપનાંઓને આગળ વધારીને સમાજને નવીનતા અને પ્રગતિના માર્ગે દોરી જવાનો ઉત્સવ બની રહ્યો.




## AI અને સમાજ: માનવ યુગની નવી શરૂઆત




ગૂજરાત વિદ્યાપીઠના માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા દ્વારા યોજાયેલ 'AI અને સમાજ: માનવ યુગની નવી શરૂઆત' શીર્ષકનું સત્ર રાજુલ શાહના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. આ અવસરે AIની શક્તિ, તેના સમાજ પરના પ્રભાવ અને માનવજીવનમાં આવતાં પરિવર્તનો અંગે ચર્ચા થઇ હતી. આ ચર્ચાએ સ્પષ્ટ કર્યું કે ટેકનોલોજી માત્ર સાધન નહીં, પરંતુ માનવજીવનને બદલનાર શક્તિ છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં શીખવાની ઉત્સુકતા જગાડતો, સર્જનાત્મક વિચારને પ્રેરિત કરતો અને ભવિષ્ય માટે દિશા દર્શાવતો સાબિત થયો હતો. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે એક અર્થપૂર્ણ અનુભૂતિ બની રહી, જેનાથી તેઓએ ટેકનોલોજીના નૈતિક અને માનવીય પાસાઓ પર વિચારવાનું શીખ્યું.


## એસ. આર. રંગનાથનને સમર્પિત લાઇબ્રેરીયન દિવસ





ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગે લાઇબ્રેરીયન દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજ્યા. વિદ્યાર્થીઓએ ગ્રંથાલયશાસ્ત્રના પિતા એસ. આર. રંગનાથનના જીવન-કાર્યો પર પ્રસ્તુતિ આપી અને "એસ. આર. રંગનાથન નોલેજ ક્વેસ્ટ"માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તેમના પુસ્તકોનું વિશિષ્ટ પ્રદર્શન પણ ગોઠવાયું. આ કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં જ્ઞાનપ્રેમ, વાંચન પ્રત્યેની અભિરુચિ અને ગ્રંથાલયના મહત્ત્વ અંગે જાગૃતિ લાવનાર બન્યા.

## ગૂજરાત વિદ્યાપીઠમાં બે નવા પ્રમાણપત્ર કોર્સની શરૂઆત

**આર્કિયોલૉજી ફૉર ધ પિપલ:** પુરાતત્ત્વ અભ્યાસ સાથે સ્થળની મુલાકાતો અને પ્રાયોગિક અનુભવ દ્વારા ગુજરાતના ઐતિહાસિક વારસાને ઓળખવાનો અવસર.




**સંગ્રહાલય પરિચય:** ગુજરાતના સંગ્રહાલયો અને વારસો – સંગ્રહાલયોની દુનિયા અને ધરોહરની સમૃદ્ધિ સાથે પરિચય કરાવતો અભ્યાસક્રમ, જેમાં અભ્યાસ પ્રવાસો અને પ્રાયોગિક સત્રોનો સમાવેશ.



## ઉત્સવો અને તહેવારોની ઉજવણી

### કલામંદિર ઉમંગોત્સવ – કલાની પવિત્ર અભિવ્યક્તિનો પરિષ્કૃત ઉત્સવ

ગૂજરાત વિદ્યાપીઠના કલામંદિરે તારીખ ૧ ઓગસ્ટે પોતાના પ્રથમ વર્ષની ઉજવણી ભવ્ય ઉમંગોત્સવ કાર્યક્રમ દ્વારા કરી. વર્ષ દરમિયાન કલામંદિરે અનેક વિદ્યાર્થી પ્રતિભાઓને મંચ આપ્યો છે અને તેમની કલાયાત્રાને નવી દિશા આપી છે. પ્રથમ વર્ષગાંઠના અવસરે આયોજિત કલામંદિર ઉમંગોત્સવમાં વિદ્યાર્થીઓએ કથ્થક નૃત્ય, તબલાં વાદન, હાર્મોનિયમ, ભજન, સુગમ સંગીત અને લોકગીત જેવી રંગબેરંગી રજૂઆતો કરી હતી.આ પ્રસંગે માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલની વિશિષ્ટ હાજરી રહી હતી. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમને નવા ઉત્સાહથી પ્રેરિત કર્યો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. કલામંદિરનો આ પહેલો ઉમંગોત્સવ માત્ર એક વર્ષની પૂર્ણાહુતિ ન હતો, પરંતુ ગૂજરાત વિદ્યાપીઠના કલા-પ્રેમી પરિવારમાં સર્જન, અભ્યાસ અને અભિવ્યક્તિનો એક અવિસ્મરણીય મેળાવડો હતો. આ પ્રથમ વર્ષનો ઉત્સવ આગલા અનેક સર્જનાત્મક વર્ષોની શરૂઆત બની રહે એવી સૌની અભ્યર્થના છે.





### આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ – 2025 ગૂજરાત વિદ્યાપીઠમાં પરંપરા, પર્યાવરણ અને અધિકારનો ઉત્સવ






મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના આંગણે આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી ઊર્જા અને ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. યુનાઇટેડ નેશન્સ દ્વારા નક્કી કરાયેલા વિષય "ખાદ્ય સુરક્ષા અને આદિવાસી લોકોનો સ્વનિર્ણય અધિકાર" અંતર્ગત આ કાર્યક્રમનું આયોજન થયું હતું. આ પ્રસંગે આદિવાસી સંસ્કૃતિનું સૌંદર્ય નૃત્ય, સંગીત અને લોકસાહિત્ય દ્વારા ઉજાગર થયું હતું. રાઠવા, પાવરી, ગામીત, ટીમલી અને ઢોલ જેવા પરંપરાગત નૃત્યો સાથે દાહોદનાં ભજનો અને બનાસકાંઠાનાં લોકગીતોએ કાર્યક્રમને વિશિષ્ટ રંગ આપ્યો. ગૂજરાત વિદ્યાપીઠના આ આયોજને આદિવાસી સમુદાયના હિતો અને હક્કો પ્રત્યે જાગૃતિ ફેલાવી અને સાથે જ લોકસાહિત્ય અને સંસ્કૃતિનો જીવંત સંવાદ સર્જ્યો. આ કાર્યક્રમ માત્ર એક ઉત્સવ જ નહિ, પરંતુ આદિવાસી પરંપરા અને ઓળખને માન્યતા આપતું મહત્ત્વનું પગલું સાબિત થયું હતું.

### પ્રેમ, સુરક્ષા અને પરંપરાનું પાવન પર્વ



ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે રક્ષાબંધન પર્વને અનોખી રીતે ઉજવાયો હતો. યોગ વિભાગની વિદ્યાર્થિનીઓ અને બ્રહ્માકુમારી સેવા કેન્દ્રની બહેનોએ માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ તેમજ કુલસચિવશ્રી ડૉ. હિમાંશુ પટેલને રાખડી બાંધી સ્નેહ અને સંસ્કારની શુભેચ્છાઓ પાઠવી. આ ઉજવણી માત્ર રક્ષાબંધનનો તહેવાર ન રહી, પરંતુ સ્નેહ, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિ વચ્ચેના જીવંત જોડાણનું પ્રતીક બની રહી.

### ભક્તિ અને આનંદ સાથે જન્માષ્ટમી પર્વ

શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પાવન અવસરે પરિસર ઉત્સવમય બની ઉઠ્યું હતું. શોભાયાત્રાની ધૂન, ભજનમાળા અને મટકી ફોડની પરંપરાએ સૌને આનંદિત કરી દીધા હતા.વિદ્યાર્થીઓની ઉત્સાહભરી ભાગીદારી અને ભક્તિમય વાતાવરણમાં કૃષ્ણ જન્મોત્સવ યાદગાર ક્ષણો સાથે ઉજવાયો હતો.





## ત્રિરંગા યાત્રા ૨૦૨૫ – એકતા અને સ્વતંત્રતાનો ઉત્સવ







ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા ભવ્ય ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુમાર વિનય મંદિર અને વિદ્યાવાટિકાનાં વિદ્યાર્થીઓએ વિવિધ સ્વાતંત્ર્ય સેનાનીઓના વેશમાં સજ્જ થઈ દેશપ્રેમની અદભુત ઝાંખી આપી હતી. ઢોલ-નગારા સાથે નીકળેલી પરેડથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચશિક્ષણના વિદ્યાર્થીઓએ 'હર ઘર ત્રિરંગા' અભિયાન અંતર્ગત રિવરફ્રન્ટ ખાતે રેલીનું આયોજન કર્યું હતું. રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ હાથમાં ત્રિરંગા લઈને દેશભક્તિના સૂત્રોચ્ચાર સાથે સમગ્ર વાતાવરણને ઉલ્લાસથી ભરી દીધું હતું. આ ત્રિરંગા યાત્રાએ રમતના મેદાનથી લઈને કેમ્પસની ગલીઓ સુધી એકતા, સ્વતંત્રતા અને દેશપ્રેમની લાગણીને જીવંત કરીને ૧૫ ઓગસ્ટના રોજ પોતાના ઘરોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની જનજાગૃતિ ફેલાવી હતી.

## સંગીત અને નૃત્યથી ઝળહળતી અવિસ્મરણીય સાંજ

ગુજરાત વિદ્યાપીઠમાં દેશપ્રેમની ભાવનાથી છલકાતી એક યાદગાર સાંજનું આયોજન કરવામાં આવ્યું હતું. હીરક મહોત્સવ હોલમાં યોજાયેલા વ્યક્તિગત તેમજ જૂથ ગીત-નૃત્ય કાર્યક્રમોએ સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગો અને સૂરથી તરબોળ કરી દીધું હતું. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલાં ગીતો અને નૃત્યો દેશપ્રેમની લાગણીઓના પ્રતિબિંબરૂપ બન્યાં હતાં, જેના કારણે સમગ્ર કેમ્પસ રાષ્ટ્રપ્રેમની લાગણીઓથી તરબતર થઈ ગયું હતું.



## કલામંદિર ઉમંગોત્સવ – સંગીતની એક સરસ સાંજ

ગુજરાત વિદ્યાપીઠમાં આયોજિત કલામંદિર ઉમંગોત્સવ અંતર્ગત એક વિશેષ સંગીતસંધ્યા યોજાઈ હતી. આ કાર્યક્રમ ભારતીય શાસ્ત્રીય સંગીતના સૌંદર્યને ઉજાગર કરતો સાબિત થયો. જેમાં તબલામાં દેવ ભટ્ટ, સિતારમાં ધ્રુવ વ્યાસ અને વાંસળીમાં નિખિલ શર્માએ તેમની કલાત્મક રજૂઆત દ્વારા શ્રોતાઓને સંગીતમય અનુભવ અપાવ્યો. વિવિધ વાદ્યોના સ્વર અને લયથી સભાખંડમાં આનંદભર્યો માહોલ સર્જાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા દરેક શ્રોતાઓએ કલાકારોની કળાને હૃદયપૂર્વક માણી અને તેને એક યાદગાર સાંજ બનાવી.




## ઈકો-ફ્રેન્ડલી ઉત્સવની પ્રેરણા

ગૂજરાત વિદ્યાપીઠના કલામંદિર દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પર્યાવરણ મિત્રના સહયોગથી આયોજિત ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ કાર્યશાળામાં ૪૮ ભાગીદારોએ ઉમંગથી ભાગ લીધો. પર્યાવરણને અનુકૂળ સામગ્રીથી બનાવેલી પ્રતિમાઓ દ્વારા કળા અને પર્યાવરણપ્રેમનું સુંદર સંગમ સર્જાયો. આ કાર્યશાળા ભક્તિ, કળા અને પર્યાવરણીય જાગૃતિને ઉજાગર કરતો યાદગાર અનુભવ બની.





# આગામી કાર્યક્રમો

## સપ્ટેમ્બર-2025

Founded by Mahatma Gandhi in 1920

**GUJARAT VIDYAPITH**

AHMEDABAD

शताब्दी महोत्सव : १९२५ - २०२५
प्राणजीवन विद्यार्थी भवन
१००

18.10.1993




The 40th Convocation of Gujarat Vidyapith was marked by the esteemed presence of our Honourable Vice Chancellor Ramlal Parikh and Guest of Honour, Honourable President of India Dr. Shankar Dayal Sharma.

शरीर श्रम

2025

09 SEPTEMBER

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | | | | |

| | |
|---|---|
| 5 September | પીએચ.ડી. કોર્સવર્ક ઉદ્‌ઘાટન કાર્યક્રમ – 2025 અને કોશ સલાહકાર સમિતિની બેઠક |
| 6 September | IGNOU સેન્ટર કાર્યાલયનો શુભારંભ |
| 8 September | ગ્રંથાલય પર રાષ્ટ્રીય સેમિનાર |
| 18 September | રેંટિયાબારસ |
| 19-21 September | ખેલભારતી |
| 22 September | ગૂજરાત વિદ્યાપીઠમાં નવરાત્રી મહોત્સવનો શુભારંભ |
| 27 September | પુરાતત્વશાસ્ત્ર અને સંગ્રહાલય સંરક્ષણમાં નવીનતમ ટેકનોલોજી અને પ્રવૃત્તિઓ પર કાર્યશાળા |
| 29-30 September | યુવા ભારતી |




DIAMOND JUBILEE HALL





